ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે ન્યાયાધીશ વિક્રમ નાથની શપથવિધિ

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ભારતના રાષ્ટ્રપતિશ્રી દ્વારા નિયુક્ત થયેલ ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે ન્યાયાધીશ વિક્રમ નાથને તેમના હોદ્દાના શપથ આજે રાજભવન ખાતે લેવડાવ્યા હતા. આ શપથગ્રહણ સમારોહમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી, શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, કાયદા રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજા, રાજ્યમંત્રી પરિષદના સદસ્યો, ગુજરાત વડી અદાલતના ન્યાયાધીશો, મુખ્ય સચિવ, વરિષ્ઠ ધારાશાસ્ત્રીઓ, વરિષ્ઠ સચિવો સહિત અન્ય મહાનુભાવો, રાજ્ય સરકારના તથા ગુજરાત વડી અદાલતના ઉચ્ચાધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

પાછોતરા વરસાદને પગલે ખેતીને નુકશાનનો ભય

કપાસ-ગવાર અને શાકભાજીના પાકોમાં ૧૦ થી ૧૫ ટકા નુકસાન થવાનો ભય

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં પાછોતરો વરસાદ સારો થતાં ખેતીને નુકશાન થવાનો ભય ઉભો થયો છે. ખાસ કરીને કપાસ ગવાર અને શાકભાજીના પાકોને પાછોતરા વરસાદથી ૧૦ થી ૧૫ ટકા જેટલુ નુકશાન થવાના હાલ પ્રાથમિક અંદાજો છે.

જિલ્લામાં સતત વાદળછાયુ અને ભેજવાળુ વાતાવરણ રહેતુ હોવાથી કેટલાક ગામોમાં કપાસને સુકારો પણ લાગુ પડ્યો હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. કપાસમાં હાલ ફુલ બેસવાની સ્થિતિ છે પણ તે નુકશાનીને પગલે મોડા બેસશે. સામાન્યઃ નવરાત્રિના સમયગાળામાં કપાસની પ્રથમ વીણી થતી હોય છે પણ પાછોતરા વરસાદને કારણે આ કામમાં વિલંબ થશે. ખેડૂતોના કહેવા પ્રમાણે જિલ્લામાં હાલ કપાસના પાકમાં અંદાજે ૧૦ ટકા જેટલુ નુકશાનો ભય છે.

આ ઉપરાંત કપાસના પાકમાં ક્યાંક ક્યાંક ખૂણિયા ટપકાનો રોગ પણ લાગુ પડેલો જોવા મળ્યો છે. જોકે આ છુટા છવાયા કેસો છે. આ ઉપરાંત મધ્યમથી ભારે વરસાદને પગલે ખેતરોમાં પાણી ભરાઈ રહેવાને કારણે થોડેઘણે અંશે ગવારના પાકને પણ નુકશાન થવાનો ભય છે.

આ ઉપરાંત શાકભાજીના પાકોને પણ નુકશાન થવાનો ભય ઉભો થયો છે.

જિલ્લામાં કપાસના પાકનું વાવેતર ૨ ૩ હજાર હેક્ટરમાં, શાકભાજીના પાકોનું વાવેતર ૧૨ હજાર હેક્ટરમાં અને ગવારના પાકનું વાવેતર ૬ હજારથી વધુ હેક્ટરમાં થયુ છે જે નોંધનીય છે.

અરવલ્લીમાં ભાદરવાએ મેઘરાજાની ભારે જમાવટ

મોડાસામાં ૨ ઇંચ વરસાદ, સાકરિયાનું તળાવ ઓવર ફ્લો

મોડાસા, તા. ૧૦

ગુજરાતમાં હવામાન વિભાગની ભારે વરસાદની આગાહીના કારણે સોમવારની મોડી સાંજથી મેઘરાજાએ વિસ્ફોટક બેટિંગ કરી હતી. મંગળવારે વહેલી સવારથી અરવલ્લી જીલ્લામાં સાર્વત્રિક વરસાદી માહોલ સર્જાયો હતો. અમદાવાદમાં વહેલી સવારથી આકાશમાં કાળા ડિબાંગ વાદળો છવાયેલા હતા. ત્યારબાદ થોડાક સમય બાદ કડાકા ભડાકા સાથે વરસાદ ટૂટી પડ્યો હતો. સમગ્ર જીલ્લામાં મેઘરાજાએ ધબધબાટી બોલાવતા નીચાણવાળા વિસ્તાર અને ખેતરોમાં પાણી ફરી વળતા તળાવમાં ફેરવાયા હોય એવા દ્રશ્યો સર્જાયા હતા. મોડાસા શહેરમાં સોમવારે સાંજે ધોધમાર વરસાદ ખાબકતા ચાર રસ્તા પર ભારે ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા.

અરવલ્લી જીલ્લાના મેઘરજ, માલપુર, બાયડ, ધનસુરા, શામળાજી પંથકમાં ધોધમાર વરસાદથી જનજીવન પ્રભાવિત બન્યું હતું. અંબાજી પદયાત્રીઓ માટે ઉભા કરાયેલ વિસામા અને ગણેશ પંડાલો ભીંજાયા હતા. મોડાસા પંથકમાં ૨ કલાકમાં ૨ થી ૩ ઇંચ જેટલો વરસાદ ખાબકતા સાકરીયા ગામે આવેલું ૭૦ વિઘાથી વધુ વિસ્તાર ધરાવતું મહેરેલું તળાવ ઓવરફ્લો થતા આજુબાજુના ખેતરોમાં પાણી ફરી વળ્યાં હતા. નજીકમાં આવેલી નર્સિંગ કોલેજ સુધી તળાવનું પાણી પહોંચતા પાણી ભરાયા હતા સાકરીયા મહેરેલું તળાવ ઓવરફ્લો થતા લોકોના ટોળેટોળા તળાવની આજુબાજુ ઉમટ્યા હતા.

ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ દ્વારા ૭૬૬ લાભાર્થીઓને વિવિધ સહાય યોજના અંતર્ગત ઓનલાઇન ચુકવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ., ગાંધીનગર દ્વારા ૭૬૬ લાભાર્થીઓને નિગમની વિવિધ સહાય યોજના અંતર્ગત રૂપિયા ૧૦ કરોડ જેટલી માતબર રકમની ચુકવણી કરવામાં આવી હતી. નિગમ દ્વારા આ સહાયની ચુકવણી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી ઈશ્વરભાઇ પટેલના હસ્તે ઓનલાઇન ચુકવણી કરવામાં આવી હતી. તે ઉપરાંત મંત્રીના હસ્તે નિગમની વિવિધ યોજનાની સહાય ઓનલાઈન કરવાની કામગીરીનો આરંભ પણ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી ઈશ્વરભાઇ પરમારે જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકી રબારી અને ભરવાડ સમાજના લોકોના સર્વાંગી વિકાસ માટે વર્ષ-૧૯૯૦માં સ્થાપના કરવામાં આવેલ ગુજરાત ગોપાલક વિકાસ બોર્ડની રચના કરવામાં આવી હતી. ત્યાર બાદ આ બોર્ડને તા. ૧૮મી મે, ૨૦૦૧ના રોજ નિગમ તરીકે કાર્યરત કરવામાં આવ્યું હતું.

ઈલેક્ટ્રીક વ્હીકલ પર સબસિડી અને કન્સેશનલ જીએસટીને કારણે ગ્રાહકોને ૩૫ ટકાનો ફાયદો મળશે

જિતેન્દ્ર ન્યુ ઈવી ટેક દ્વારા ઈલેક્ટ્રીક સ્કૂટર જેએમટી ૧૦૦૦ એચએસ (હાઈસ્પીડ)ની રૂ. ૭૫,૦૦૦ની કિંમતમાં ગુજરાતમાં રજૂઆત કરવામાં આવી છે. નવા જેએમટી ૧૦૦૦ એચએસમાં માત્ર આઠ સેકન્ડમાં ૦.૪૦ કિમીનો પિકઅપ અને ડબલ સીટમાં ૨૦૦ કિલોગ્રામ વજનની વહન ક્ષમતા છે. ઈલેક્ટ્રીક બાઈક લિથિયમ આયન બેટરી પર ચાલે છે. જે માત્ર ત્રણ કલાકમાં સંપૂર્ણ ચાર્જ થઈ જાય છે. તેની ડ્રાઈવિંગ ક્ષમતા કિમી સુધીની છે.

જિતેન્દ્ર ન્યુ ઈવી ટેક પ્રા.લિ.ના મેનેજિંગ ડાયરેક્ટર જિતેન્દ્ર શાહે જણાવ્યું હતું કે અમે જીએમટી ૧૦૦૦ એચએસની શરૂઆતમાં રૂ. ૧,૧૦,૦૦૦ની કિંમત રાખી હતી. પરંતુ કેન્દ્ર અને રાજ્ય સરકારોના વિવિધ ઈન્સેન્ટીવને કારણે આ બાઈક અમે માત્ર રૂ. ૭૫,૦૦૦ની કિંમતમાં રજૂ કરી શક્યા છીએ. કેન્દ્ર સરકારની ફેમ-૨ સ્કીમ (ફાસ્ટર એડોપ્શન એન્ડ મેન્યુ. ઓફ હાયબ્રીડ એન્ડ ઈલેક્ટ્રીક વ્હીકલ્સ) અને પાંચ ટકા જીએસટીને કારણે આ બાઈક સસ્તી થઈ શકી છે. જેએમટી ૧૦૦૦ એચએસને ગુજરાત રાજ્ય સરકારની સબસિડી મળી છે અને તેને જીએસઆરટીઓ વ્હીકલ રજિસ્ટ્રેશન ટેક્સમાંથી મુક્તિ મળી છે. ઘણી શહેરી સ્થાનિક સંસ્થાઓ તેમના પાર્કિંગ પ્લોટ્સમાં ઈલેક્ટ્રીક વ્હીકલ્સને ફ્રી પાર્કિંગ આપવાનું વિચારી રહી છે. જો લોન પર ઈલેક્ટ્રીક બાઈક ખરીદવામાં આવે તો માસિક હપ્તાના વ્યાજને આવકવેરામાંથી મુક્તિ આપવામાં આવી છે. આ તમામ ફાયદાઓ ૩૫ ટકા સુધી જાય છે. જે ગ્રાહક માટે આકર્ષક છે.

અષાઢી ગર્જના... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રજાના દિવસે નગરજનોએ વરસાદી મોસમની મજા માંણી હતી. સાંજે પણ વરસાદી છાંટણા યથાવત રહ્યા હતા. રાત્રિ દરમિયાન ૧ ૨.૫ મી મી વરસાદ વરસ્યો હતો. જયારે દિવસના અંતે ૭૨ મી મી વરસાદથી ચોમેર જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી. છેલ્લા ત્રણ ચાર દિવસમાં જ શહેરમાં સાત થી આઠ ઇંચ વરસાદ વરસ્યો છે. જયારે શહેર ઉપરાંત આજે દહેગામ તાલુકામાં પણ ચાર ઇંચ, માણસા અને કલોલમાં એક ઇંચ વરસાદ વરસ્યો છે. શહેરમાં સિઝનનો કુલ વરસાદ ૬૭૭ મી મી વરસાદ નોંધાયો છે. શહેરમાં સિઝનના સરેરાશ વરસાદની દ્રષ્ટીએ અત્યાર સુધી પુરતો વરસાદ થઇ ગયો છે.



માઝુમ ડેમ ઓવરફ્લો થવાની તૈયારીમાં ૧૯ ગામોને સતર્ક રહેવા ચેતવણી

અરવલ્લી જીલ્લામાં ૧૮ કલાકથી પડી રહેલા વરસાદ અને ઉપરવાસમાં થયેલા ભારે વરસાદના પગલે જીલ્લાના માઝુમ, વાત્રક, વૈડી અને મેશ્વો ડેમમાં નવા નીરની આવક થઇ રહી છે. મોડાસા નજીક આવેલ માઝુમ ડેમ ઓવરફ્લોથી માત્ર એક ફૂટ દૂર હોવાથી સતત પડતા વરસાદથી ગમે તે ઘડીએ ઓવરફ્લો થવાની સંભાવનાના પગલે ૧૯ ગામોને સતર્ક રહેવાની ચેતવણી આપવામાં આવી છે. વાત્રક ડેમમાં ૭૫૦૦ ક્યુસેક પાણીની આવક થઇ હતી. વૈડી ડેમમાં આવક એટલી જાવકથી પાણી છોડવામાં આવી રહ્યું છે. શામળાજી નજીક મેશ્વો ડેમ પણ સર્વોચ્ચ સપાટીએ પહોંચતા જીલ્લાના તમામ જળાશયોની આવકથી પ્રજાજનોમાં આનંદ છવાયો છે.

આયુષ્યમાન ભારતની પ્રથમ વર્ષગાંઠની ભવ્યાતિ ભવ્ય ઉજવણી કરાશે

આગામી ૧૫ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટો. દરમ્યાન આયુષ્યમાન ભારતની યોજનાને જે એક વર્ષ પૂર્ણ થઈ રહ્યુ છે તેની ઉજવણીના ભાગરૂપે ખાસ આરોગ્ય પખવાડિયાની ઉજવણી કરવામાં આવશે. ૨૩મી સપ્ટેમ્બરના રોજ આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરો પણ કાર્યરત કરવામાં આવ્યા હતા. આયુષ્યમાન ભારત યોજના એ ભારત સરકારના આરોગ્ય મંત્રાલયની ખુબ મહત્વકાંક્ષી યોજના છે. આ યોજનાને રાજકીય વર્તુળોમાં ગેમચેઈન્જર તરીકે પણ લેખવામાં આવી હતી.

૧૫મી સપ્ટેમ્બરથી ૨જી ઓકટો. દરમ્યાન ઉજવવામાં આવનારા આરોગ્ય પખવાડિયામાં પ્રભાતફેરી, એન.સી.ડી.ના ખાસ કેમ્પ, જનજાગૃતિ અભિયાન, પત્રિકાઓનું વિતરણ, લાભાર્થીઓને ગોલ્ડ કાર્ડ વિતરણ સહિતના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

૨૩મી સપ્ટેમ્બરે આ યોજનાનો પ્રારંભ થયો હોવાથી જિલ્લાકક્ષાની ઉજવણીનો ખાસ કાર્યક્રમ પણ જિલ્લાકક્ષાએ યોજવામાં આવશે તેવા સંકેત મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. સોલંકીએ આપ્યા હતા. તેમણે કહ્યુ કે આયોજન આગામી બે-ત્રણ દિવસમાં આખરી કરી દેવામાં આવશે. ડૉ. સોલંકીએ જણાવ્યુ હતુ કે હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર માટે લોકોની જાગૃતિ વધી છે અને એટલુ જ નહિ લોકો તેની મુલાકાત પણ લઈ અને જોડાઈ પણ રહ્યા છે. જિલ્લામાં લાભાર્થીઓને ગોલ્ડ કાર્ડ વિતરણ માટે પણ ખાસ કેમ્પો યોજવામાં આવનાર છે અને ૩૧ ઓકટો. સુધીમાં નિયત લાભાર્થીઓને ગોલ્ડ કાર્ડ આપી દેવામાં આવે તેવુ સઘન આયોજન કરવામાં આવ્યુ છે.

સોમવારે રાત્રે ટાઉનહોલમાં 'સંગીત એક સૂર અનેક' કાર્યક્રમ યોજાયો

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી શહેરના લોકગાયક પ્રભાતસિંહ વજેસિંહ પરમાર દ્વારા સોમવારની રાત્રે ૮.૩૦ કલાકે ગાંધીનગરના સેકટર-૧૭ ખાતેના ટાઉનહોલમાં હિન્દી અને ગુજરાતી ફિલ્મોના નવા જુના ગીતોનો અને શહેરના ઉગતા કલાકારોને પ્રોત્સાહન આપતો કાર્યક્રમ 'સંગીત એક સૂર અનેક' યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સુરેન્દ્રનગર જિલ્લા મિત્ર મંડળના પ્રમુખ તખતસિંહ પરમાર, આઈસીસીઆર માન્ય રેડીયો-ટીવી કલાકાર સ્વેરશ રત્નોત્તર અને આકાશવાણી રેડીયો કલાકાર નાગરભાઈ પ્રજાપતિ ઉપરાંત ડૉ. યશવંત છાંટબાર અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહ્યા હતા.

'સંગીત એક સૂર અનેક' કાર્યક્રમમાં જાણીતા સંગીતકાર દેવાંગ કોષ્ટીના લાઈવ ઓરકેસ્ટ્રાના સથવારે પ્રભાતસિંહ પરમાર, રણજીતસિંહ ઝાલા, રાજુભાઈ શ્રીમાળી, રાજતરંગ, સતુભા રાઠોડ, કિરીટકુમાર અગ્રાવત, પૂર્ણિમા ભટ્ટ સહિત અનેક કલાકારોએ તેમના પરફોર્મન્સ આપ્યા હતા. કાર્યક્રમનું રસપ્રદ સંચાલન બિજોય તિવારીએ કર્યું હતું. કાર્યક્રમને મોટી સંખ્યામાં શહેરના ગીત સંગીત ક્ષેત્રના અગ્રણીઓ સહિત સંગીતરસિકોએ મનભરીને માણ્યો હતો. કાર્યક્રમમાં પ્રભાતસિંહ પરમારે તેમની આગવી સ્ટાઈલમાં પારંપરિક વેશભૂષા સાથે કરેલી પ્રસ્તુતિને શ્રોતાઓએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી.